બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦)

(વિભાગ - ૧ કિશોર સત્સંગ પરિચય, દસમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ મહારાજ - ગલુજીને (૩/૯)

➩ શ્રીજીમહારાજ ડડુસર પધાર્યા ત્યારે ગલુજીના માતુશ્રી દેહ મૂકી ગયા હતા. તેમને બાંધી રજોઠિયે મૂકીને મહારાજ તથા સંતમંડળને જમાડ્યા. પછી એક ગાઉ સુધી તેઓને વળાવવા ગયા. ગલુજીને પાછા વાળતા મહારાજ કહે છે.

૨. ➩ શ્રીજીમહારાજ - સ્વરૂપાનંદ સ્વામીને (૨૬/૮૪)

➩ સ્વરૂપાનંદ સ્વામીને દેહમાં મંદવાડ આવ્યો ત્યારે અંતરમાં અશાંતિ રહેવા લાગી. તેથી મહારાજની આજ્ઞાથી પર્વતભાઈ પાસે જઈ તેમને વાતો કરીને પાછા આવ્યા પણ શાંતિ થઈ નહિ. તેથી મહારાજ કહે છે.

૩. ➩ રાજબાઈ - માતાને (૧૮/૫૧)

➩ માએ રાજબાઈને સાસરેથી આવેલ ચૂંદડી રાજબાઈને બતાવી ત્યારે રીસમાં રાજબાઈ કહે છે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. સુંદરજી સુથારનો ગર્વ ઓગળી ગયો. (૧૯/૫૬)

જ. શ્રીજીમહારાજે ભાદરાથી અઢાર હરિભક્તો પર પત્ર લખાવ્યો અને તેમને જેતલપુર ભાઈ રામદાસ સ્વામી પાસે જઈ, ત્યાગી થઈ ભૂજ આવવા જણાવ્યું. અઢારે ભક્તો આજ્ઞા મુજબ જ્યારે ત્યાગી થઈ ભૂજ આવ્યા ત્યારે મહારાજ તેમને સૌને અતિશય રાજી થઈને ભેટ્યા. પછી સુંદરજીભાઈને સૌની ઓળખાણ કરાવી. આ બધા ગામધણી અને મોટા ગરાસદારો હતા. આ જોઈ સુંદરજીભાઈનો ગર્વ ગળી ગયો.

૨. રામપ્રતાપભાઈએ દામોદરભાઈને કહ્યું, 'તારે મને મુખ ન દેખાડવું.' (૧૩/૩૭)

જ. દામોદરભાઈનાં પત્ની ધામમાં ગયાં, તેથી તેઓ ફરી પરણ્યાં. તે વાતની રામપ્રતાપભાઈને ખબર પડી ત્યારે તેમણે દામોદરભાઈને કહ્યું વર્તમાન ધારી સત્સંગી થયો ત્યારે પત્ની સિવાયની બધી સ્ત્રીઓને મા, બહેન ને દીકરી સમાન ગણી હતી. તો આ પરણીને બેઠો તે સ્ત્રી કયા બ્રહ્માંડમાંથી લાવ્યો ? માટે તારે મને મુખ ન દેખાડવું એમ નિરંતર ઠપકો આપતા.

૩. સત્સંગને કલ્પતરું તથા ચિંતામણિ કરતાં પણ અધિક કહે છે. (૧૪/૩૯)

જ. બીજા અનેક ઉપાયો કરે પણ સંતસમાગમરૂપી સત્સંગ વિના વાસના ઇચ્છા ટળતી નથી. ચિંતામણિ પ્રાપ્ત થાય તો દરિદ્રતા ટળે પણ જન્મ-મરણના બંધનથી છૂટાય નહિ માટે સત્સંગને કલ્પતરુ તથા ચિંતામણિ કરતાં પણ અધિક કહે છે.

**પ્ર.૩** 'મોટાં રામબાઈ' (૯/૧૮) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

મોટાં રામબાઈ જેતપુરના જીવા જોષીનાં દીકરી હતાં. તેમનું પહેલાનું નામ કડવીબાઈ હતું. તેમને ગામમાં જ પરણાવ્યાં હતાં. પરંતુ પૂર્વના સંસ્કારને લીધે તેમને શ્રીજી મહારાજનું અખંડ ભજન થતું હતું. પતિ આસુરી બુદ્ધિવાળો હોઈ કડવીને ભજન કરતાં જોઈ અત્યંત ત્રાસ આપતો. રાત્રે સૂઈ જાય ત્યારે ખાટલાનો એક પાયો કડવી બાઈની છાતી પર મૂકીને સૂઈ જતો પરંતુ કડવી બાઈને ભજનનું અંગ હોવાથી આવો ત્રાસ સહન કરીને પણ અખંડ ભજન કરતાં. તેઓ એક વખત એવું કીર્તન ગાતાં હતાં કે 'તેડી જાઓ તો અમારાં મન ઠરે...' ત્યાં અંતરીક્ષમાંથી અવાજ સંભળાયો કે જેને ભગવાન ભજવા હોય તેણે ચૂડી કે બલોયાં ન પહેરાય અને માથે વાળ પણ ન રખાય. આ સાંભળી તેમને આશ્ચર્ય થયું. પોતાના સગાને ત્યાં પીઠવડી ગયાં ત્યાં આ કીર્તન ગાતાં હતાં ત્યારે પણ ફરી એ જ શબ્દો સંભળાયા. તેમના ભાઈ શિવરામ મહારાજના શબ્દો ઓળખી ગયા. ભાઈ બહેન ગઢડા આવ્યા. મહારાજનાં દર્શન કરતાં જ સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય દૃઢ થઈ ગયો. પછી પાછા જેતપુર આવ્યાં. પરંતુ ઘરનાં કામકાજમાં મન ન લાગ્યું. કીર્તનો જ બોલ્યાં કરતાં. તેમના પતિને ન ગમ્યું. તેથી ગુસ્સે થઈને કહ્યું, 'જા, તું મારે આજથી મા-બેન છો.' કડવીને પણ આવું જ જોઈતું હતું. તેથી કહ્યું, 'તું પણ આજથી મારે મન ભાઈ-બાપ જેવો છે.' પછી પોતાના બલોયાં ભાંગી નાખ્યાં. કેશ ઉતારી નાખી ધણીનું સ્નાન કરી નાખ્યું. તેથી નાતીલા બ્રાહ્મણો રોષે ભરાયા અને કડવીને મારી નાખવા તૈયાર થયા. પરંતુ જેતપુર દરબાર ઉન્નડ ખાચર ખુલ્લી તલવારે કડવી બાઈના રક્ષણ માટે આવ્યા તેથી બ્રાહ્મણો ભાગી ગયા.

તે જ રાત્રે શ્રીજી મહારાજે કડવીને દર્શન આપીને કહ્યું કાલ ઉપરવાસમાં વરસાદ થવાથી ભાદર નદીમાં પૂર આવશે. ત્યારે તું અમારી મૂર્તિને સંભારીને નદીમાં પડતું મૂકજે. અમારી મૂર્તિ તને ત્યાં દેખાશે. તેની પાછળ સામે કાંઠે આવી જજે. કડવીબાઈ સાસુને પાણી ભરવા જાઉં છું કહી દેગડો લઈને નીકળ્યાં. નદી બે કાંઠે ભરપૂર હતી. પરંતુ મહારાજની આજ્ઞા અનુસાર પાણીમાં કડવીબાઈ પડ્યાં અને મૂર્તિની સાથે સામે કાંઠે આવી બે પાર્ષદો સાથે વેલડામાં બેસીને ગઢપુર આવી પહોચ્યાં. મહારાજ તેમને જોઈને ખૂબ રાજી થયા. તેમનું નામ રામબાઈ રાખ્યું. રામબાઈએ જીવુબા સાથે ગઢડામાં હજારો બાઈઓને સત્સંગ કરાવ્યો. સદ્ગુરૂ પ્રેમાનંદ સ્વામીએ આ પ્રસંગ પરથી કીર્તન બનાવ્યું, 'મેરો કંગન નિકારી ગયો રે...' મહારાજે આ સાંભળી પ્રેમાનંદ સ્વામીને ઠપકો આપતાં પૂછ્યું, 'અમે એવું ક્યારે કર્યું છે ?' ત્યારે મોટીબાએ રામબાઈ સામે ઈશારો કર્યો. મહારાજે તેમને જોઈને મંદ સ્મિત કર્યું. રામબાઈએ દેહપર્યંત ગઢપુરમાં મોટીબા સાથે રહીને ભજન કર્યું.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શાસ્ત્રીજી મહારાજે બોચાસણ, સારંગપુર, ગોંડળ, અટલાદરા, ગઢપુરમાં મંદિર બાંધ્યા. (૧૦/૨૬-૨૮)

૨. શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે શ્રુતિ અને સ્મૃતિએ પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો. (૨૭/૮૫)

૩. ગુહ્યવાર્તા પ્રકાશિત કરવાથી વિશ્વાસઘાતનું અને પરદ્રોહનું પાપ લાગે છે. (૧/૬)

૪. સત્પુરુષના મુખ થકી જ શાસ્ત્રનું શ્રવણ કરવું. (૧/૨)

૫. 'હે મહારાજ ! તમારા સાધુ ઓળખાવજો.' એવી પ્રાર્થના પરમચૈતન્યાનંદ સ્વામી કરતા. (૨૩/૭૫)

**પ્ર.૫** 'વિષયના માર્ગે .....' (૨૫/૮૧) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**''વિષયને માર્ગે આંધળા થવું, બહેરા થવું, લૂલા થવું પણ આસક્ત ન થવું.''**

વિષયનો માર્ગ જ દુઃખરૂપ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પંચવિષય જીવને અનાદિ કાળથી વળગ્યા છે. એક એક વિષયમાં એક એક પ્રાણીનું મૃત્યુ થાય છે તેથી દરેક વિષય દુઃખરૂપ છે.

(૧) શબ્દ :- વાંસળી સાંભળવામાં તલ્લીન હરણનું પારધી દ્વારા મૃત્યુ.

(૨) સ્પર્શ :- હાથણીના સ્પર્શના લોભે દોડતો હાથી શિકારીએ ખોદેલા ખાડામાં.

(૩) રૂપ :- પતંગિયું દીવાના પ્રકાશમાં આકર્ષાઈ બળી મરે છે.

(૪) રસ :- માછીમારના કાંટામાં ભરાવેલા ટુકડામાં આસક્ત માછલી કાંટામાં ફસાઈને મૃત્યુ પામે છે.

(૫) ગંધ :- કમળની સુગંધમાં આસક્ત ભમરો કમળમાં બીડાઈ જાય છે. બહાર નીકળતો નથી. હાથી કમળને કચરી અંદર રહેલા ભમરાને પણ મારી નાખે છે.

આમ, આ પ્રાણીઓ ફક્ત એક જ વિષયમાં આસક્ત હોવા છતાં મૃત્યુને વરે છે. તો માણસને તો પાંચેય વિષયો વળગેલા છે. માટે જ પંચવિષયમાંથી છૂટવા આંધળા, બહેરા, લૂલા થવાથી ઇન્દ્રિયોની વૃતિ સંકોચાય છે અને બ્રહ્મસ્થિતિ થાય છે. તેથી પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે. માટે આપણે આસક્ત ન થતાં ઇન્દ્રિયોની વૃત્તિને ખેંચી લેવી.

**પ્ર.૬ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. જો સ્વામિનારાયણ એક વાર, રટે બીજાં નામ રટ્યાં હજાર,
જપ્યા થકી જે ફળ થાય તેનું, કરી શકે વર્ણન કોણ એનું.
ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિધ્ધ સમસ્ત અર્થ,
સુખી કરે સંકટ સર્વે કાપે, અંતે વળી અક્ષરધામ આપે. (૬/૧૩)

૨. અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો, પરદુઃખહારી રે, વારી બહુનામીનો
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાયે, દયા આણી રે અતિ આકળા થાયે. ( ૨૦/૬૦)

૩. शरणागतपापपर्वतं गणयित्वा न तदीयसद्गुणम् । अणुमप्यतुलं हि मन्यते सहजानन्दगुरं भजे सदा ॥ (૧૧/૩૨)

૪. **ગુજરાતી ભાષાંતર :** અને શ્રુતિ- સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. (૨૮/૮૯)

(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, દસમી આવૃત્તિ - ડીસેમ્બર, ૨૦૦૮)

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➫ સ્વામી - હરિભક્તોને (૧૧/૨૧)

➫ સ્વામીની આજ્ઞાથી પ્રાગજી ભક્ત કથાવાર્તા કરી હરિભક્તોને સ્વામીના મૂળ અક્ષરપણાનો સર્વોપરી નિશ્ચય કરાવતા હતા, માટે સ્વામી સૌ હરિભક્તોને ભગતજી પાસે મોકલતા.

૨. ➫ ભગતજી - યજ્ઞપુરુષદાસજીને (૨૪/૪૬)

➫ યજ્ઞપુરુષદાસજીને મહેમદાવાદ જવાની રજા આપી ભણવાની આજ્ઞા કરતાં કહ્યું : ''આવો નાનો દેહ તે મંડળ શોભે નહિ.'' એમ ગમ્મત કરી.

૩. ➫ ભગતજી - સ્વામીને (૫/૯)

➫ સ્વામીએ ભગતજીને કંઈ માંગણી કરવા કહ્યું પણ તેઓ કંઈ બોલ્યા નહિ. તેથી સ્વામી કહે : 'જા તને ખૂબ રૂપિયા મળશે ને તું ઘેર રહીને સંતોનો સમાગમ કરજે' ત્યારે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. પવિત્રાનંદ સ્વામી પ્રાગજી ભક્તને વિમુખ કરવા તૈયાર થયા. (૧૩/૨૫)

જ. મોડી રાત સુધી પ્રાગજી ભક્ત અને હરિભક્તોની ગોષ્ઠિ થતી હતી. તેમાં અક્ષરની પણ વાતો થતી. તે સાંભળી પવિત્રાનંદ સ્વામી ખિજાયા, એટલે ભગતજીએ તેમની નજીક જઈને કહ્યું 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે, તે સમજ્યા વગર છૂટકો નથી.' તેથી પવિત્રાનંદ સ્વામીએ કહ્યું તું મને કોણ સમજાવનાર ? હું તને વિમુખ કરીશ.

૨. પ્રાગજી ભક્તે માતાના સાળુનો કિંમતી પાલવ વેચ્યો. (૧/૩)

જ. પ્રાગજી ભક્ત ઘણું ખરું મંદિરમાં જ રહેતા અને સંતોની સેવા કરતા. એક વખત ઘરમાંથી માતાના સાળુનો કિંમતી પાલવ વેચીને સંતોને રસોઈ આપી.

૩. પવિત્રાનંદ સ્વામીને ભગતજી ગુણાતીતરૂપ થયા છે એવી પ્રતીતિ થઈ. (૧૭/૩૩)

જ. પવિત્રાનંદ સ્વામીને આણંદમાં થયેલું અપમાન અસહ્ય થઈ પડ્યું. તે સમયે ભગતજીએ વચનામૃતની સાખે ભગતજીએ માન, ઈર્ષ્યાદિક સ્વભાવ દૂર કરી આત્મસત્તા રૂપે ભક્તિ ન કરવાથી સત્સંગમાં પોતાનું રૂપ ઉઘાડું પડે છે તેવું સમજાવ્યું. આત્મસત્તારૂપ થવા માટે અનાદિ બ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જેવા પ્રગટ સંતમાં અખંડ પ્રીતિ કરવી જોઈએ. એવી વાતો કરી શાંતિ પમાડી.

**પ્ર.૯** 'અડસઠ તીરથ સદ્‌ગુરુ ચરણમાં' (૭/૧૩) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

મંદિરમાં અનેક પ્રકારની ક્રિયાઓ વાળંદની, દરજીની, કડિયાની, સુથાર, લુહાર, વેરણીયાની-વગેરે પ્રાગજી ભક્ત સ્વામીને રાજી કરવા કરતા. એક વખત અન્નકૂટના ઉત્સવ પછી પ્રાગજી ભક્ત મંદિરનાં બધાં વાસણો સાફ કરતા હતા. તે એંઠવાડનું પાણી બધું એક કૂંડીમાં ભેગું થયું હતું. એટલામાં સ્વામી ત્યાં પધાર્યા ને કૂંડીની પાળી પર પગ મૂક્યો. આથી કૂંડીમાં વહેતા એંઠવાડના પાણીને સ્વામીના ચરણનો સ્પર્શ થયો. આ જોઈ એકાએક સ્વામીએ પૂછ્યું. ''પ્રાગજી ! અડસઠ તીરથ ક્યાં હશે ?'' પ્રાગજી ભક્ત સ્વામીના વચનનો મર્મ સમજી ગયા. જે એંઠવાડની કુંડીમાં સ્વામીના ચરણ બૂડેલા એ જ અડસઠ તીરથ છે. એમ સૂચવતા પોતે કુડીમાં પડ્યા ને નાહ્યા. સ્વામી તો જોઈ જ રહ્યા. પછી આજ્ઞા કરતાં કહ્યું, 'પ્રાગજી, હવે બહાર નીકળ અને ચોખ્ખા પાણીથી નાહી લે.' આવી હતી પ્રાગજી ભક્તની ભક્તિની પરાકાષ્ઠા !

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. પ્રાગજી ભક્તે ત્રણસો આંબાને ચાર-ચાર દેગડાં પાણી રેડ્યું. (૮/૧૫-૧૬)

૨. શ્રીજીમહારાજે કૃપાદષ્ટિ કરીને કહ્યું : 'હું સ્વામીને વશ છું અને તેં સ્વામીને વશ કર્યા છે, તેથી આજથી હવે હું તને પણ વશ છું.' (૧૦/૨૦)

૩. જેમ તલવારને મ્યાન નોખાં ખખડે, તેમ દેહ ને આત્મા નોખાં જણાય ત્યારે ખરું જ્ઞાન થયું કહેવાય. (૨૬/૫૦)

૪. જૂનાગઢમાં ભગતજી મહારાજનું ભવ્ય સન્માન સંવત ૧૯૫૩માં અને જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે થયું. (૨૭/૫૧)

૫. યજ્ઞપુરુષદાસજી, વિજ્ઞાનદાસજી, મહાપુરુષદાસ, રામરતનદાસજી. (૧૮/૩૪,૩૫)

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨ (૧૯/૩૫) **૨.** ૧, ૩, (૮/૧૭) **૩.** ૨, ૪ (૧૭/૩૧)

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં**

૧. **એકાંતનું સુખ :** **ભગતજી**એ **સંતોને** કહ્યું : 'આ ભગવાં લૂગડાં જ બંધનકારી છે, માટે **ઘેર** જાઓ ને **સત્સંગ** કરો. પરંતુ બ્રહ્મચર્ય પાળી ભગવાનને રાજી કરવાનો સંતોનો દૃઢ ઠરાવ સાંભળીને **ભગતજી** ઘણા જ રાજી થયા.' (૨૧/૩૯)

૨. **ભગતજીનું આકર્ષણ :** પોતાના સમાગમમાં અખંડ રહેતા કેટલાક **ગૃહસ્થ હરિભક્તોને** ભગતજી શ્વેતધર્મના (લાલ લુંગડું ન જોવું) નિયમ આપતા અને નિર્વાસનિક કરતા. વળી, **ભજન**ની રીત શીખવતા અને કહેતા : **'ઉઘાડે નેત્રે મટકું જીતીને ભજન કરો.'** (૨૫/૪૭)

૩. **અક્ષરજ્ઞાનનો ઉદ્‌ઘોષ :** **જૂનાગઢ** મંદિરના **કોઠારી ત્રિકમદાસ**ને જ્યારે **પ્રાગજી ભક્તે** સ્વામીના મહિમાની વાત કરી ત્યારે તેને તે વાત ગમી નહિ, તેમણે આવેશમાં આવી **પ્રાગજી ભક્ત**ને કહ્યું : 'આવી વાત કરીશ તો કોઈ તને મારશે.' (૧૨/૨૫)

૪. **ગુરુ વચને ચૂરેચૂરા :** **ધર્મ** વિરુદ્ધની **આજ્ઞા** સિવાય **ગુરુની** દરેક **આજ્ઞા** **અવિચારીપણે** (વિચાર્યા વગર) **તત્કાળ** પાળવી એ સાચા શિષ્યનો ધર્મ છે. (૬/૧૨)

૫. **અક્ષરવરની માગણી :** સંવત **૧૯૧૬**માં ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી ત્યારે **પ્રાગજી ભક્તે** ગોપીનાથજી મહારાજ અને **હરિકૃષ્ણ મહારાજ**ની મૂર્તિઓ માટે સુંદર વાઘા બનાવ્યા અને આચાર્ય **રઘુવીરજી** મહારાજને રાજી કર્યા. (૫/૮)

૬. **ઐશ્વર્ય દર્શન :** ભગતજીએ સૌને એક જગ્યાએ **કુંડાળું વાળીને બેસાર્યા,** સૌને એકબીજાના **અંગૂઠા** પકડવાની આજ્ઞા કરી અને **આંખો મીંચી** ભજન કરવા કહ્યું. (૨૯/૫૮-૫૯)

❑ ❑ ❑